**8મી ભારત - ડેનમાર્ક વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (17 નવેમ્બર, 2025)**

17 નવેમ્બર, 2025

8મી ભારત-ડેનમાર્ક વિદેશ કાર્યાલય પરામર્શ (FOC) બેઠક 17 નવેમ્બર 2025 ના રોજ નવી દિલ્હીમાં યોજાઇ હતી. ભારતીય પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ), શ્રી સિબી જ્યોર્જ અને ડેનમાર્કના પક્ષનું નેતૃત્વ ડેનમાર્કના વિદેશ મંત્રાલયના, વિદેશ નીતિ વિભાગના રાજ્ય સચિવ, સુશ્રી લોટ મેચન દ્વારા કરવામાં આવ્યું હતું.

2. FOC દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર વિસ્તારની સમીક્ષા અને ચર્ચા કરવાની તક પ્રદાન કરે છે. બંને પક્ષોએ ભારત-ડેનમાર્ક હરિત વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ ચાલી રહેલ સહયોગ અંગે સંતુષ્ટિ વ્યક્ત કરી.

3. બંને પક્ષોએ રાજકીય જોડાણ, વેપાર અને રોકાણ, નવીનીકરણીય ઊર્જા, નિરંતરતા, સ્વચ્છ ટેક્નોલોજી, સર્ક્યુલર અર્થતંત્ર, નૌપરિવહન, પાણી, કૃષિ અને પશુપાલન, ખાદ્ય પ્રસંસ્કરણ, સંશોધન અને વિકાસ તેમજ ગતિશીલતાના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની રીતો પર ચર્ચા કરી હતી. તેમણે દ્વિપક્ષીય સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી કરાર હેઠળ પ્રતિભાવાન લોકોની સરળતાથી અવરજવર પર ચર્ચાની પ્રગતિ અંગે સમીક્ષા કરી હતી. તેઓ સંરક્ષણ અને સુરક્ષા, નવી અને ઉભરતી ટેક્નોલોજી અને આર્કટિકના ક્ષેત્રોમાં સહયોગના વધુ માર્ગો શોધવા માટે પણ સંમત થયા હતા. ડેનિશ પક્ષે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને પોતાના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

4. બંને પક્ષોએ ડેનમાર્કના યુરોપિયન યુનિયન કાઉન્સિલના વર્તમાન પ્રમુખપદ દરમિયાન ભારત-EU વ્યૂહાત્મક ભાગીદારીના માળખા હેઠળ સહયોગને આગળ વધારવાની તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી. ડેનિશ પક્ષે મહત્વાકાંક્ષી અને પરસ્પર લાભદાયી ભારત-EU મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર અને આર્કટિક સહિત બહુપક્ષીય સહયોગની બાબતો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ડેનમાર્ક કિંગડમ 2025-2026 ના કાર્યકાળ માટે UNSC નું અસ્થાયી સભ્ય અને આર્કટિક કાઉન્સિલનું અધ્યક્ષ છે. ડેનિશ પક્ષે સુધારેલી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે પોતાના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

5. બંને પક્ષોએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમણે વૈશ્વિક પડકારો પર બહુપક્ષીય જોડાણો અને સતત સંવાદના મહત્વ પર ભાર મૂક્યો.

6. બંને પક્ષો નિયમિત પરામર્શ ચાલુ રાખવા અને વિદેશ કાર્યાલય પરામર્શની આગામી બેઠક કોપનહેગનમાં પરસ્પર અનુકૂળ તારીખે યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્લી**

**17 નવેમ્બર, 2025**